# મોહમ્મદ રફી 101:
# યાદગાર ગાયકની અજાણી વાતો અને આદતો



યાદોં કી બારાત

ગઈકાલે ભારતના સુપ્રસિદ્ધ ગાયક મોહમ્મદ રફીનો 101મો જન્મદિવસ હતો. રફી સાહેબના ગીતો વિશે તો અનેક લેખો 'શો ટાઇમ'માં લખાઇ ચૂક્યા છે, આજે તેમના વ્યક્તિગત જીવન વિશે થોડું જાણીએ. ફુરસદના સમયમાં ગીતો સાંભળવાનો શોખ હોય પણ રફી સાબને શોખ હતો પતંગ ચગાવવાનો. અને તેમાંય તેમને કાળા રંગની પતંગો ખૂબ ગમતી હતી. તેમના ઘરની આસપાસ કાળા રંગની પતંગો ઉડતી જોવા મળે તો આસપાસના લોકો સમજી જતા કે રફીજી પોતાની છત પર પતંગ ઉડાવી રહ્યા છે. રફી સાહેબ પોતાની પતંગો માટે પંજાબથી માંજો મંગાવતા હતા. એમ તો રફીજી ખૂબ જ શાંત અને નરમ માણસ હતા. પણ જ્યારે પતંગ ઉડાવવાની વાત આવે ત્યારે પૂરી હરીફાઈ પર ઉતરી જતા. કોઈ તેમની પતંગ કાપી નાખે એ તેમને બિલકુલ ગમતું નહીં.

રફી સાહેબના જીવનનું એક ખૂબ જ હસમુખ પાસું પણ હતું. અને તેની ખબર ખૂબ ઓછા લોકોને હશે. આ વિશે રફી સાહેબ સાથે લાઇવ શો કરી ચૂકેલા કૃષ્ણા મુખર્જી કહે છે કે રફી સાહેબ પાસે એક ચાંદીનો કાંસકો હતો જેને તેઓ સ્ટેજ પર જતા પહેલાં પોતાના ટાલ પર મજાકમાં ફેરવતા હતા અને હસતા. પછી તેઓ એક ગ્લાસ ઠંડું દૂધ પીતા હતા. તે પછી સ્ટેજ પર રફી સાહેબની ઊર્જા અદ્ભુત લાગતી હતી. તેમનો ઔરા અલગ જ હતો. ઘણી વાર એવું થતું કે રફી સાહેબ પોતાનું હાર્મોનિયમ છોડીને ડ્રમર પાસેથી ડ્રમ સ્ટિક લઈને ડ્રમ વગાડવા લાગતા હતા. દર્શકો રફી સાહેબની આ અદાઓ પર પાગલ થઈ જતા હતા.

રફી સાહેબને આખી દુનિયા સાંભળતી હતી અને આજેય સાંભળે છે; પણ તેમના ફેવરિટ કોણ? રફી સાહેબ ગુલામ અલી અને મેહદી હસનને સાંભળતા હતા. પોતાના નવરાશ સમયમાં રફી સાહેબને બાળકો સાથે કેરમ અને બેડમિન્ટન રમવું ખૂબ ગમતું હતું. જ્યારે ટેલિવિઝન પર બોક્સિંગ મેચ આવે તો રફી સાહેબ

**રફી સાહેબને આખી દુનિયા સાંભળતી હતી અને આજેય સાંભળે છે; પણ તેમના ફેવરિટ કોણ? રફી સાહેબ ગુલામ અલી અને મેહદી હસનને સાંભળતા હતા. પોતાના નવરાશ સમયમાં રફી સાહેબને બાળકો સાથે કેરમ અને બેડમિન્ટન રમવું ખૂબ ગમતું હતું. જ્યારે ટેલિવિઝન પર બોક્સિંગ મેચ આવે તો રફી સાહેબ ખૂબ શોખથી મેચ જોતા હતા**

ખૂબ શોખથી મેચ જોતા હતા. રફી સાહેબના પુત્ર શાહિદ રફી કહે છે કે તેમના પિતાને ખાવાનો ખૂબ શોખ હતો. પોતાની પત્નીના હાથનું બનાવેલી ડિશ તેમને ખૂબ ભાવતી. જો રફી સાહેબની પત્ની બીમાર હોય તો પણ તેમના માટે ઓછામાં ઓછી એક વાનગી તો બનાવી જ દેતી. ઘણી વાર રફી સાહેબ પોતાના ઘરે ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને બીજા દોસ્તોને જમવા બોલાવતા રહેતા હતા. રફી સાહેબના ઘરે એક રસોઈયો પણ હતો જેનું નામ હતું ખલીલ ભાઈ. મોટી દાવતોમાં આ ખલીલ ભાઈ જ ખાવું બનાવતા હતા.

રફી સાહેબને ચા ખૂબ ગમતી હતી. તેથી તેમની પત્ની સવારે જ તેમની ચા માટે દૂધમાં તજ, લવિંગ અને બદામ ઉકાળી લેતી હતી. પછી ચાર-પાંચ થર્મસ ભરીને રફી સાહેબ માટે ચા બનાવાતી હતી. આ થર્મસ રફી સાહેબ પોતાની સાથે સ્ટુડિયોમાં લઈ જતા હતા. પોતે પણ પીતા હતા અને બીજાને પણ પીવડાવતા હતા. રફી સાહેબ બહારની ચા પીતા નહીં. પોતાના ઘરની બનેલી ચા પીવી જ તેમને ગમતી હતી. તેમને દૂધ પીવું પણ ખૂબ ગમતું હતું. એક અસલ પંજાબીની જેમ તેઓ દૂધ પીતા હતા. જ્યારે તેમની રજા હોય ત્યારે તેઓ ઘરની આગળ લૉનમાં બેસી જતા હતા. પછી જ્યારે દૂધવાળો આવે તો તેની પાસેથી બે બોટલ લઈને બહાર જ પી જતા હતા. ઘણી વાર જ્યારે દૂધવાળાનું દૂધ ઓછું પડી જતું ત્યારે તે રફી સાહેબની પત્નીને ફરિયાદ કરતો હતો.

રફી સાહેબ હૉલીવુડ ફિલ્મોના પણ શોખીન હતા. 'ધ મૅગ્નિફિસન્ટ સેવન' રફી સાહેબની મનપસંદ હૉલીવુડ ફિલ્મમાંની એક હતી. રફી સાહેબની પુત્રવધૂ યાસ્મીન ખાલિદ રફીએ 'મોહમ્મદ રફી માય અબ્બા' પુસ્તકમાં લખ્યું છે કે, 'તેમને અંગ્રેજી ભાષા આવડતી નહોતી. પણ હૉલીવુડ ફિલ્મો તેઓ ખૂબ શોખથી જોતા હતા. જ્યારે કોઈ ફિલ્મ જોવા બેસતા તો તેમના બાળકો આખી વાર્તા તેમને પહેલાં જ કહી દેતા હતા. પછી જેમ-જેમ ફિલ્મની વાર્તા આગળ વધતી તેમ બાળકો સંવાદોનો અનુવાદ પણ રફી સાહેબ માટે કરતા હતા.

રફી સાહેબના મનપસંદ હૉલીવુડ એક્ટર હતા પીટર સેલર્સ. પીટર સેલર્સની ફિલ્મ 'ધ પાર્ટી' રફી સાહેબને ખૂબ ગમતી હતી. તેઓ સિનેમા હૉલમાં ફિલ્મો જોવા ઓછા જ જતા હતા. કારણ કે હૉલમાં ફિલ્મ શરૂ થયાના થોડા જ સમયમાં તેમને ઊંઘ આવવા લાગતી હતી.'

રફી સાહેબ જ્યારે પ્રખ્યાત થયા ત્યારે તેમને અંગ્રેજીમાં ઑટોગ્રાફ આપવું આવડતું નહોતું. ગાયક મહેન્દ્ર કપૂરના પુત્ર રુહાન કપૂરે એક વાર ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે રફી સાહેબ અને તેમના પિતા એક વાર ઑલ ઈન્ડિયા રેડિયોમાંથી પાછા આવી રહ્યા હતા. રસ્તામાં કેટલાક લોકોએ રફી સાહેબને ઓળખી લીધા. તેઓ તેમની પાસે ઑટોગ્રાફ માગવા લાગ્યા. આશ્ચર્યમાં પડેલા રફી સાહેબે મહેન્દ્ર કપૂરને પંજાબીમાં પૂછ્યું, 'કી માંગ રહે ને?' (મતલબ કે આ લોકો શું માંગી રહ્યા છે?) મહેન્દ્ર કપૂરે તેમને કહ્યું કે તેઓ તમારા હસ્તાક્ષર માગે છે. રફી સાહેબ તરત બોલ્યા, 'તું કર દે.' સત્ય તો એ હતું કે રફી સાહેબને અંગ્રેજીમાં લખતા નહોતું આવડતું. અને તે સમયે ઑટોગ્રાફ અંગ્રેજીમાં જ આપવાનું ચલણ હતું. પણ જેમ-જેમ રફી સાહેબની પોપ્યુલારિટી વધતી ગઈ તેમ તેમણે અંગ્રેજીમાં સિગ્નેચર કરવાની પ્રેક્ટિસ શરૂ કરી. કારણ કે તેઓ પોતાના ચાહકોને નિરાશ નહોતા કરવા માગતા. સહી કરવાની પ્રેક્ટિસ દરમિયાન રફી સાહેબે ઘણા કાગળ બગાડ્યા હતા. પણ આખરે તેઓ અંગ્રેજીમાં ઓટોગ્રાફ આપવામાં નિષ્ણાત બની ગયા. તેમની સિગ્નેચર જોઈને એક વાર એક ફિલ્મ પત્રકારે તેમને કહ્યું હતું કે તમારા હસ્તાક્ષર આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી સુંદર છે. ●










# જાણવું છે, જક્કાસ અનિલની ફિટનેસનું સિક્રેટ?

બોલિવૂડમાં ગ્લેમર એ સૌથી પહેલા આવે. તેથી સ્ટાર કે સુપર સ્ટાર પોતાની લાઈફ સ્ટાઈલ પણ એ રીતે સેટ કરતા હોય જેમાં સમય જતાં પણ તેઓની એજ તો વધે, પણ તેઓની સુંદરતા જરા પણ ઓછી ન થાય. બોલિવૂડમાં સૌથી વધુ જો ફિટનેસ માટે જાણીતા હોય તો તે અક્ષય કુમાર અને અનિલ કપૂર છે. અનિલ કપૂર તો અશ્વત્થામાની જેમ અમર હોય તેમ લાગે કોઈક જાદુથી પોતાની વધતી ઉંમરને રોકી લીધી છે. પણ 69 વર્ષના થયેલા અનિલની સદાજુવાની પાછળનું જાદુ શું છે? તે આજે જાણીએ



ઓપન સિક્રેટ

અનિલ 69 વર્ષની ઉંમરે પણ યંગ દેખાય છે તેની પાછળ તેમની ડાઈટ પ્લાન, રૂટિન અને ઘણી સારી આદતો જવાબદાર છે. જે દરેક માનવને યંગ અને એક્ટિવ રહેવા માટે જરૂરી છે. આ સદા ચિરાયુ દેખાવ પાછળનું પહેલું કારણ છે અનિલ સ્વાદ માટે નહીં પણ સ્ટ્રેન્થ અને સ્ટેમિના માટે ખોરાક લે છેઃ દિવસની શરૂઆત ખાલી પેટે પાણી પીને કરે છે અને એક કેળું ખાય છે. ત્યાર પછી તેનું વર્કઆઉટ રૂટિન શરૂ થાય છે. અનિલ દરરોજ લગભગ 2 કલાક જીમમાં વિતાવે છે. 10 મિનિટના કાર્ડિયોથી શરૂ થાય છે. જીમમાં સખત ટ્રેનિંગ જેમ કે સિટ-અપ્સ, ક્રન્ચ્સ, પુશઅપ્સ કરે છે, હોટ યોગા અને સ્ટ્રેચિંગ પણ કરે છે અને આઉટડોર એક્ટિવિટી પણ કરે છે. જેમ કે ચાલવું, દોડવું, સાઈકલ ચલાવવી વગેરે.

તેમના સવારના નાસ્તામાં પ્રોટીનયુક્ત સેન્ડવીચ, ઓટ્સ,

**બોલિવૂડમાં સૌથી વધુ જો ફિટનેસ માટે જાણીતા હોય તો તે અક્ષય કુમાર અને અનિલ કપૂર છે. અક્ષય કુમાર ફિટનેસથી એક્શન કરી વર્ષમાં 4 ફિલ્મો કરે છે તો અનિલ કપૂરે પોતાની વધતી ઉંમરને રોકી લીધી છે. તો આજે જાણીએ અનિલની એવરગ્રીન ગુડલૂકિંગ ફિટનેસના રાઝ!**

અનાજ અને સ્મૂધી. લંચમાં બાફેલા શાકભાજી (જેમ કે બ્રોકોલી, કેરેટ વગેરે), દાળ, ભાત અને સલાડ. (સલાડમાં કોઈ મસાલો હોતો નથી)

ડિનર હળવું રાખે, જેમાં બાફેલા કઠોળ, બ્રાઉન રાઈસ અથવા સલાડ હોય. આટલુ કર્યા પછી અનિલ પૂરતી ઊંઘ લે છે. તેથી તે પોતાનું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સારી રીતે જાળવી રાખે છે. અનિલ દરરોજ 8 થી 9 કલાકની ઊંઘની જરૂર પડે છે સૌથી વધારે મહત્ત્વનું કે અનિલ પોઝિટિવ વિચારે છે જેથી સ્ટ્રેસ દૂર રહે. એક ખાસ વાત એનિલ એક સાથે વધું ખાવાને બદલે સમગ્ર દિવસમાં થોડું થોડું ખાય છે અને સાથે એપલ જ્યૂસ અથવા સેન્ડવીચ) ખાવાનું પસંદ કરે છે.

અનિલને ખરાબ આદતોથી દૂર રહેવું વધારે પસંદ કરે છે તેઓ સ્મોકિંગ કે આલ્કોહોલ અને જંક ફૂડથી પસંદ કરતા નથી. બસ આટલું કરો એટલે અડધા અનિલ કપૂર જેવા દેખાવા લાગશો બાકી તેમણે કરાવેલા બ્યૂટી ટ્રીટમેન્ટસ, ટ્રાન્સ્પ્લાન્ટ્સ, બીજા મેડિકલ નુસખાઓ જો તમે અનિલ કપૂર જેવા કલાકાર ન હોવ તો ન જાણવામાં ભલાઈ છે. ●

# ધુરંધર રાકેશ બેદીની કહાની

બોલિવૂડના એક્ટર હોય, હોલિવૂડના એક્ટર હોય કે સાઉથના એક્ટર હોય, સફળ બનાવ્યા અને પોતાની એક અલગ પહેચાન બનાવવા માટે તે એક્ટરે એક્ટિંગમાં ઈમ્પ્રોવાઈઝેશન ખૂબ જ જરૂરી છે. દર્શકો એ જ એક્ટરોને યાદ રાખે છે જેનો એક ખાસ અંદાજ હોય! બધાથી અલગ, કાઇ નવીન! આજે વાત કરીશું એક એવા એક્ટરની જે ક્યારેક હસાવે છે, તો ક્યારેક રડાવે છે. ફિલ્મો, ટીવી અને થિયેટરના સકસેસફુલ 'ધુરંધર' એક્ટર રાકેશ બેદી વિશેની કેટલીક અનસૂની વાતો.

સેકન્ડ ઈનિંગ

રાકેશ એક્ટિંગમાં ઈમ્પ્રોવાઈઝેશન અને જબરદસ્ત કોમિક ટાઈમિંગને લીધે જાણીતા છે. રાકેશ બેદીનો જન્મ 1 ડિસેમ્બર 1954 દિલ્હીના કરોલબાગમાં થયો. તેના પિતા મદન ગોપાલ બેદી ઈન્ડિયન એરલાઈન્સમાં એરોનોટિકલ એન્જીનીયર હતા. સ્કૂલ દરમ્યાન જ રાકેશે એક્ટિંગનું માટે દૃઢ નિર્ણય લઇ લીધો. સ્કૂલમાં કલ્ચરર એક્ટિવિટીમાં રાકેશ હોંશે હોંશે ભાગ લે. તો પણ એક્ટિંગ કેમ થાય? કઇ કઇ બાબતો એક્ટિંગમાં ધ્યાન રાખવા જેવી છે તે સ્કૂલમાં શીખવા ન મળી એટલે દિલ્હીની જ એક એક્ટિંગ સ્કૂલમાં એડમિશન લઇ લીધું. પિતા અને પુત્ર બંનેના વિચારો મેળ ખાતા ન હતા. પણ પિતાએ ક્યારેય રાકેશ પર દબાવ ના નાખ્યો. પિતાનું સપનુ IIT માં સ્ટડી કરી, એન્જીનીયર બનાવવા માગતા તો રાકેશ એક્ટર બનવા માગતો! રાકેશે પણ પિતાના સપના માટે એન્જીનીયરિંગની તૈયારી કરી અને દિલ્હીની IIT માં ફોર્મ ભર્યું. એટલે થોડા જ સમય પછી એન્ટ્રેસ એક્ઝામ પણ આવી ગઇ!

એક્ઝામના દિવસે એક્ઝામ હોલમાં પહેલો જ સવાલ જોઇને રાકેશને સમજાય ગયું કે તે ખોટી જગ્યા પર છે. તે માત્ર 3 મિનિટમાં જ એક્ઝામ હોલમાંથી બહાર નીકળી ગયા. એક્ઝામીનરે કારણ પૂછ્યું ત્યારે ફુલ કોફિન્ડન્સથી કહ્યું હું કદાચ ખોટી જગ્યા પર આવી ગયો છું, મારે પાછું નાટકોની દુનિયામાં જવું છે.

હવે રાકેશે માટે એક્ટિંગ સિવાય બીજો કશો વિકલ્પ જ નહતો. એટલે તેના જેવા જ એક્ટિંગ માટે ઝનૂની લોકોને ભેગા કરી એક થિયેટર ગ્રૂપ બનાવી લીધું. પણ ત્યારે પિતાની ચિંતા વધી કેમ કે રાકેશ હવે યુવાન થયો. રાકેશને પણ થિયેટર હવે ફિલ્મોમાં કામ કરવું જ રહ્યું કેમ કે એક્ટિંગ જ કરિયર તરીકેનો નિર્ણય બદલી શકે તેમ નહોતા. એટલે ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ટિસ્ટ્યુટમાં એડમિશન લીધું, ફિલ્મોમાં પોતાની કિસ્મત અજમાવશે. એડમિશન તો તરત મળી ગયું. ત્યાં રાકેશને ઓમ પુરી, સુરેશ ઓબેરોય, સુધીર પાંડે, ડેવિડ ધવન, પ્રકાશ ઝા, વિધુ વિનોદ ચોપરા, સતિષ શાહ અને કુંદન શાહ ત્યાં મળ્યા.

ભારતીય ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ટિસ્ટ્યુટમાં આવ્યા પહેલા રાકેશને એમ કે એક્ટિંગ આરામથી કરી લેશે! કેમ કે નાટકોમાં ખૂબ કામ કર્યું હતું, પણ થોડા જ સમયમાં સમજાયું કે મને તો એક્ટિંગની ABC પણ નથી આવડતી!

એક્ટિંગની સ્ટડી કરીને ફિલ્મોમાં કામ કરવા માટે રાકેશ મુંબઇ આવ્યા. રાકેશ એ ખૂબ સારી રીતે જાણતા હતા કે તેની પર્સનાલિટી હીરો લાયક નથી. તેથી રાકેશે પહેલેથી જ નક્કી કરી લીધું કે તેઓ કોમેડી જ કરશે! કેમ કે કોમેડી તેમના માટે સહજ લાગતું હતું.

ફિલ્મોમાં કામ કરવાની શરૂઆત 1989માં આવેલી ફિલ્મ 'હમારે તુમ્હારે'થી કરી હતી. તેમાં સંજીવ કુમાર અને રાખી લિડ કેરેક્ટર હતા, તે જ વર્ષમાં બીજી એક ફિલ્મમાં પણ કામ કર્યું હતું જેનું નામ 'એહસાસ' જેમાં શમિ કપૂર, શશી કપૂર વગેરેએ કામ કર્યું હતું. જોકે રાકેશને પહેલી ફિલ્મ ઓફર 'એહસાસ' ફિલ્મની જ મળી હતી. પણ હમારે તુમારે પહેલા રિલીઝ થઇ ગઇ! આમ રાકેશની પ્રથમ ફિલ્મથી શરૂ કરી 'બુલંદી', 'તિરંગા', 'ચશ્મે બદુર' એમ ઘણી ફિલ્મોમાં કામ કર્યું સાથે સાથે ટીવી અને થિયેટર ક્યારેય ન છોડ્યું.



'ચશ્મે બદુર' ફિલ્મથી રાકેશને એક નવી ઓળખ મળી,. ફિલ્મની શૂટિંગ વખતે એક કિસ્સો પણ જાણીતો છે કે 'ચશ્મે બદુર'ની શૂટિંગ સમયે એક બીજી ફિલ્મમાં રાકેશ કામ કરતા હતા, ડાયરેક્ટરને રાકેશની મૂંછ ના ગમી એટલે તેથી રાકેશને મૂંછ કઢાવી પડી, બીજી બાજું 'ચશ્મે બદુર'ની કહાની અનુસાર રાકેશની કેરેક્ટરને મૂંછ રાખવાની હતી, તો મૂંછ કઢાવી નાખવાથી 'ચશ્મે બદુર'નું શૂટિંગ મૂંછ ન ઉગી ત્યાં સુધી ફિલ્મ બંધ રાખવામાં આવી હતી.

એક્ટિંગમાં આજે પણ એક્ટિવ રાકેશ 250 જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે જેમાં હિન્દી, પંજાબી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાની ફિલ્મો છે. ટીવીમાં પણ એટલા જ એક્ટિવ રહ્યાં છે જેટલા કે ફિલ્મોમાં. . આજે પણ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોમાં ક્યારેક ક્યારેક દેખાઇ આવે છે. 16 જેટલી ટીવી સિરીયલો કરી છે. અને નાટકોની સ્ક્રિપ્ટ પણ લખી છે. રાકેશનું એક નાટક 'મેરા વો મતલબ નહીં થા'ના દેશ વિદેશમાં 800 થી વધુ શો થઇ ગયા છે. અત્યારે ધુરંધરમાં આટલા બધા કાલાકારો વચ્ચે પણ પોતની છાપ છોડી છે જેને કારણે નવા દર્શકો જૂના રાકેશને ફરી જોઈ રહ્યા છે. ●